**—:નમુનો—અ:—**

## લાલપુરના મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને
## એડી. ચીફ જયુડી.મેજી. સા.ની કોર્ટમાં.. મુ.લાલપુર, જી.જામનગર

**ચુકાદા ની તા.૦૫/૦૧/૨૦૨૨**

**ફોજદારી કેસ નં.૨૦૦૬/૨૦૨૨**

**આંક—૧૬**

**ગુન્હાની વિગત**

| | | |
|---|---|---|
| **ગુન્હાની કલમ** | : | જી.પી.એકટ કલમ—૧૩૫(૧) |
| **પ્રથમ માહીતી અહેવાલ નંબર** | : | લાલપુર પો.સ્ટે. પાર્ટ બી. ગુ.ર.નં.૬૮૦/૨૦૨૨ |
| **પોલીસ સ્ટેશન** | : | લાલપુર પોલીસ સ્ટેશન |
| **ફરીયાદ પક્ષ** | : | સરકારશ્રી |
| **ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી** | : | વિ.એ.પી.પી.શ્રી વી.જે.સોઢા |
| **આરોપી** | : | **શકીલભાઈ તૈયબભાઈ કોરેજા**<br>રહે.ચાર થાંભલા પાસે, લાલપુર, તા.લાલપુર, જી.જામનગર |
| **આરોપી તર્ફે વિ.વ.શ્રી** | : | વિ.વ.શ્રી આર.એ.માંધુ |

**–:નમુનો–બઃ–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૧/૦૮/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૧/૦૮/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૧૩/૧૦/૨૦૨૨ |
| પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૩/૧૦/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૧/૧૦/૨૦૨૨ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | ૨૧/૧૨/૨૦૨૨ |
| ચુકાદાની તારીખ | ૦૫/૦૧/૨૦૨૨ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**–:આરોપીની વિગત–**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શકીલભાઈ તૈયબભાઈ કોરેજા | ૧૧/૦૮/૨૨ | ૧૧/૦૮/૨૨ | જી.પી.એકટ કલમ–૧૩૫(૧) | નિર્દોષ | – | – |

**–:નમુનો–ક:–**

**:: ફરીયાદી / બચાવ / ન્યાયાલયના સાહેદો નું લીસ્ટ ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો :**

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.ડબલ્યુ ૧ | ૦૭ | અખ્તરભાઈ હાજીભાઈ નોયડા | ફરીયાદી |
| પી.ડબલ્યુ ૨ | ૦૯ | સુર્યરાજસિંહ કાળુભા જાડેજા | ત.ક.અ. |
| પી.ડબલ્યુ ૩ | ૧૩ | જયસુખ પાલાભાઈ ખરા | પંચ સાહેદ |

**:: ફરીયાદી / બચાવ / ન્યાયાલયના દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| પી.૧ | ૦૮ | ફરીયાદ |
| પી.૨ | ૧૦ | હથીયારબંધીના જાહેરનામા ની નકલ |
| પી.૩ | ૧૪ | પંચનામા ની નકલ |

**–::ચુકાદો::–**

૧. આ કામ માં ફરીયાદીની ફરીયાદ હકીકત ટૂંક માં નીચે મુજબ છે.

૨. આ કામે ફરીયાદી અખ્તરભાઈ હાજીભાઈ નોયડા, પો.કોન્સ., લાલપુર પો. સ્ટે. નાઓએ તા.૧૧.૦૮.૨૨ ના રોજ લાલપુર પોલીસ સ્ટેશનમાં આ કામની ફરીયાદ આપી જણાવેલ છે કે, તા.૧૧.૦૮.૨૨ ના રોજ તેઓ તથા પો.કો. મનુભાઈ જેડાઈ તેમજ પો.હે.કો. એસ.કે.જાડેજાનાઓ ક.૨૦/૩૦ વાગ્યે લાલપુર ટાઉન વિસ્તાર માં પેટ્રોલીગમાં હતા, દરમ્યાન

ક.૨૧/૦૦ વાગ્યે લાલાપુર ચાર થાંભલા વિસ્તાર પાસે પહોંચતા, ત્યાં સામેથી બે ઈસમ હાથમાં ધોકા લઈ જાહેરમાં આંટા ફેરા મારતા મળી આવેલ, જેથી તેમને રોકીને તુરંત જ પો.હે.કો.એસ.કે.જાડેજાએ બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી, મજકુર એક ઈસમનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ શકીલભાઈ તૈયબભાઈ કોરેજા, રહે.ચાર થાંભલા પાસે, લાલપુર, તા.લાલપુર, જી.જામનગર વાળો હોવાનું જણાવેલ.

૩. ફરીયાદી તેની ફરીયાદમાં વધુમાં જણાવે છે કે, મજકુર ઈસમની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા મજકુર ઈસમના હાથમાં એક લાકડાનો ધોકો હોય, જે લાકડાનો ધોકો પંચો રૂબરૂ જોતા જે ધોકાની લંબાઈ આશરે ત્રણ ફુટ જેટલી હોય અને સદરહું ધોકો મજકુરે પોતાના કબ્જામાં રાખવા બાબત તેમજ જાહેરમાં ધોકો લઈ નીકળવા બાબતે પુછતા મજકુરે કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. જેથી સદરહું લાકડાના ધોકાની કિં.રૂા.૨૦/– ગણી પંચનામાની વિગતે કબ્જે કરેલ. આમ, મજકુર ઇસમે ગેરકાયદેસર રીતે જાહેરમાં પોતાના હાથમાં લાકડાનો ધોકો ધારણ કરી, મહે. ડી.એમ.સાહેબ, જામનગર ના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ કરી, જી.પી.એકટ ક.૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ હોય, પંચનામું પુરુ થયે ક.૨૨:૦૦ વાગ્યે પો.હે.કો. એસ.કે.જાડેજાએ તેને ધોરણસર અટક કરેલ અને આ બનાવ બાબતે ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ છે. તદઉપરાંત, ફરીયાદી જણાવે છે કે, સદરહું ઇસમ સાથે મળી આવેલ બીજા ઇસમ અસલમ ઓસમાણભાઈ ચૌહાણ વિરુધ્ધ સાથે ના પો.કો. મનુભાઇ જેઠાભાઇએ જુદી ફરીયાદ આપેલ છે.

૪. આ કામે આરોપીને પોલીસ તપાસ ના કાગળો ની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ છે અને ત્યારબાદ આંક–૦૪ થી પ્લી સમન્સ ટ્રાયલ મુજબ લઈ, આરોપીને ગુનો કબુલ છે કે

કેમ, તેમ પુછતાં, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોય, આરોપી વિરુધ્ધ નો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

૫. આ કામે ફરીયાદ પક્ષના પુરાવા ના અંતે, આરોપીનો સી.આર.પી. સી. ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ જવાબ લેવામાં આવેલ છે, જેમાં આરોપી તેની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. આ કામે અમો એ વિ.સરકારી વ.શ્રી ને તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળેલ છે.

૬. આ કામે ફરીયાદ પક્ષ ના કેસ ની હકીકત ઉપર થી આ કેસ ના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

::<u>મુદ્દાઓ::</u>

૧: શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા. તા.૧૧/૦૮/૨૨ ના રોજ કલાક–૨૧:૦૦ વાગ્યાના સુમારે ચાર થાંભલા પાસે, તા.લાલપુર મુકામે, આ કામના આરોપીએ જાહેરમાં પોતાના કબજા માં ગેરકાયદેસર રીતે એક લાકડાનો ધોકો રાખી, મહે.જીલ્લા મેજી.સાહેબ જામનગરના હથીયારબંધી જાહેરનામાના અમલનો ભંગ કરી, જી.પી.એકટ ની કલમ – ૧૩૫ (૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

૨: શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

૧: નકારમાં..

૨: આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નં.૧ અને ૨** :–

૮. આ કામે ફરીયાદ પક્ષ તર્ફે ફરીયાદી પો.કો. અખ્તરભાઈ હાજીભાઈને આંક–૦૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ફરીયાદી તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૧/૦૮/૨૨ ના રોજ તેઓ તથા પો.કો. મનુભાઈ જેઠાભાઈ નાઓ પો.હે.કો. એસ.કે.જાડેજા નાઓ સાથે ક.૨૦/૩૦ વાગ્યાથી લાલપુર ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન ફરતા ફરતા ક.૨૧/૦૦ વાગ્યે લાલપુર ચાર થાંભલા વિસ્તારમાં પહોંચતા ત્યાં સામેથી બે ઈસમો તેમના હાથમાં ધોકા લઈ જાહેરમાં આંટા ફેરા મારતા હોય, જેથી તેમને તુરંત જ રોકી સાથેનો પો.હે.કો.એસ.કે.જાડેજાએ બે રાહદારી પંચો બોલાવી, હકીકતની સમજ કરી, પંચો રૂબરૂ તે ઈસમો એક ઈસમનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ શકીલભાઈ તૈયબભાઈ કારેજા, રહે.લાલપુર ચાર થાંભલા પાસે, તા.લાલપુર, જી.જામનગર વાળો હોવાનું જણાવેલ.

૯. ફરીયાદી તેની સોગંદ ઉપરની જુબાનીમાં વધુમાં જણાવે છે કે, મજકુર ઈસમને તેના કબજા માં લાકડાનો ધોકો રાખવા બાબતે પુછપરછ કરતા, તેણે કોઈ સંતોષકાર જવાબ આપેલ નહીં, જેથી સદરહું લાકડાના ધોકાની કિં.રૂ.૨૦/– ગણી પંચનામાની વિગતે કબ્જે કરેલ. આમ, મજકુર ઈસમે ગેરકાયદેસર રીતે જાહેરમાં લાકડાનો ધોકો ધારણ કરી, મહે. જીલ્લા મેજી.શ્રી જામનગરના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ હોય, સાથેના પો.હે.કો.એસ.કે.જાડેજા એ મજકુરને ધોરણસર અટક કરેલ, આ બનાવ બાબતે તેઓએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી, જે ફરીયાદ આ કામે આંક–૦૮ થી રજુ છે. ફરીયાદી સોગંદ ઉપર વધુમાં જણાવે છે કે, આરોપી સાથેના અન્ય મજકુર ઈસમ અસલમ ઓસમાણભાઈ ચૌહાણવિરૂધ્ધ સાથેના પો.કો. મનુભાઈએ અલગથી ફરીયાદ આપેલ છે. આ જ હકીકત ત.ક.અમલદાર – પો.હે.કો. સુર્યરાજસિંહ કાળુભા જાડેજા તેમની આંક–૦૯ ની સોગંદ ઉપર ની જુબાની માં જણાવે છે. ત.ક.અ. વધુમાં જણાવે છે કે, ફરીયાદ તથા પંચનામું પોલીસ સ્ટેશને આવતા,

પી.એસ.ઓ.એ ગુનો નોંધી આ કામની આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને જીલ્લા મેજી.શ્રીના હથીયારબંધીના જાહેરનામાની નકલ મેળવી તપાસમાં સામેલ રાખેલ, જે આંક–૧૦ થી રજુ છે. તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા, તેઓએ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે.

૧૦. આરોપી પક્ષ તર્ફે ફરીયાદી તથા ત.ક.અમલદાર ની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા વસ્તીવાળો અને રહણાંક વિસ્તાર છે અને ત્યાં માણસો અને વાહનોની અવરજવર રહે છે. તદઉપરાંત, ફરીયાદી તેમજ ત.ક.અમલદાર સ્વીકારે છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી તેમજ તેઓ પેટ્રોલીંગમાં કયા નંબર અને કયા પ્રકારના વાહનમાં નીકળેલા, તેવી પણ કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં ત.ક.અમલદાર સ્વીકારે છે કે, તપાસ ના કામે તેમણે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તેમજ તેઓને જાહેરનામા ની પ્રસીધ્ધી અંગે કોઇ જાત માહીતી નથી. આ સીવાય ની હકીકતો નો તેઓએ ઇન્કાર કરેલ છે.

૧૧. ફરીયાદ પક્ષે પંચ સાહેદ જયસુખ પાલાભાઈ ખરાને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસેલ છે. આ કામના બીજા પંચ અબ્બાસભાઇ આમદભાઇ મરણ પામેલ હોય, તેમને આ કામે તપાસી શકાયેલ નથી. પંચ જયસુખભાઇ ની રૂબરૂ આરોપી પાસે થી મુદ્દામાલ લાકડાનો ધોકો કબજે કર્યા નો ફરીયાદ પક્ષ નો કેસ છે. પરંતુ આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષ ના કેસને સમર્થન આપતા ન હોવાથી, વિ.એ.પી.પી.શ્રી એ તેમને ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતાં, ઉલટતપાસ માં પણ પંચ સાહેદ ફરીયાદ પક્ષ ના કેસ ને મદદરુપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી અને તેમની હાજરી માં આ કામ ના આરોપી પાસેથી લાકડાનો ધોકો

મળી આવેલ હોવાની હકીકત નો સ્પષ્ટ ઈન્કાર કરે છે. આમ, ફરીયાદ પક્ષ આંક – ૧૪ થી રજુ પંચનામાની હકીકત ને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૧૨. આરોપી પક્ષ તર્ફે પંચ સાહેદ જયસુખ પાલાભાઈ ની કરવામાં આવેલ ઉલટતપાસમાં આ પંચ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, પોલીસે તેમને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરેલી અને તેમને પંચનામા બાબતે કાંઈ ખબર નથી.

૧૩. આમ, ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ પોલીસ સાહેદો – ફરીયાદી તથા ત.ક.અ. ની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહેદનુ સર્મથન પ્રાપ્ત થતુ નથી. જો આરોપી જાહેર માં હથીયાર ધારણ કરી મળી આવેલ હોય અને તે વખતે પોલીસે જાહેરમાં પંચનામુ કરી, આરોપી ને અટક કરેલ હોય તો ત્યાં સ્વંતત્ર સાહેદો મળી શકે, તેમ છતાં અને બનાવ રહેણાંક અને વસ્તીવાળા વિસ્તાર માં બનેલ હોવાનું જણાવેલ હોવા છતાં, ફરીયાદ પક્ષે કોઈ તટસ્થ સાહેદ ને તપાસેલ નથી. તદઉપરાંત, આ કામે પંચ સાહેદ જયસુખ પાલાભાઈ ફરીયાદ પક્ષ ના કેસ ને સર્મથન આપતા નથી અને તેમની રૂબરૂ આરોપી પાસેથી મુદ્દામાલ હથીયાર કબજે કરેલ હોય, તે હકીકત નો સ્પષ્ટ ઈન્કાર કરે છે. આમ, બનાવની તારીખે, સમયે અને સ્થળે આરોપી પોતાના કબજા માં લાકડાનો ધોકો રાખી, નીકળતા મળી આવેલ હોય, તે હકીકત ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, મુદાનં.૧ નો નિર્ણય નકાર માં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: આ ખ રી હુ ક મ ::</u>**

૧: આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૫૫(૧) અન્વયે જી.પી.એકટ ની કલમઃ ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨.        આ કામે કબજે દર્શાવેલ મુદ્દામાલ લાકડાના ધોકા નો અપીલ સમય વીત્યા બાદ ધોરણસર રીતે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩:        ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ:૪૩૭(એ) અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકા અપીલ સમય માટે લંબાવવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| Date : 05/01/2023<br><br>Place : Lalpur | (DINESH KISHANCHAND NATHANI)<br>PRINCIPAL SR. CIVIL JUDGE &<br>ADDL. C.J.M., LALPUR,<br>DIST.JAMNAGAR. CODE NO.GJ01070 |